# રામાયણ આધારિત 'બત્રીસ પૂતળીની વેદના'માં ગૌણ બાલકિશોર પાત્રો સંદર્ભે

શર્મા એકતા રાજેન્દ્રકુમાર
પીએચ.ડી. વિદ્યાર્થી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત,પાટણ.

ઈશ્વરે સૃષ્ટિનું સર્જન ઈવ અને આદમથી શરૂ કર્યું. ત્યારથી નારી વિવિધ સ્વરૂપે પ્રગટતી આવી છે. નારીએ માનવ સમાજનું, માનવ સંસ્કારનું સૌથી મોટું અંગ છે. સમાજમાં સ્ત્રી-પુરૂષની તુલનાએ બુદ્ધિ, શકિત, ચાતુર્ય અને વ્યવહાર કુશળતામાં ચાડિયા છે. સાથે સાથે દયા, કરુણા અને ભાષા વ્યવહારમાં મધુરિકા છે. આથી જ પુરૂષ શંકા કરીને તેને જીતવાનો પ્રયત્ન કરતો આવ્યો છે અને ઉતારી પાડવાના પ્રસંગો ચર્ચીને સ્ત્રીને હમેશા નીચી બતાવવાની માનસિકતામાં સુધારો જરૂર આવ્યો હશે પણ સંપૂર્ણ રીતે બદલાવ આવ્યો નથી. આ જ માનસિકતાને લઈને સ્ત્રીને મિલકત નહીં પીએન વ્યક્તિ માનવાના કિસ્સા વિરલ છે સ્ત્રીએ માત્ર સંતાન પ્રાપ્તિનું સાધન છે. એક વ્યકિત તરીકે પુરૂષોનું આધિપત્ય સમાજમાં રહયું છે.

સમયના બદલાવે ઘણું બધુ બદલાયું છે. પુરૂષોની માનસિકતા એમાથી બાકાત નથી. આ સંદર્ભે વિચારીએ ત્યારે નવેસરથી વિચારવું પડે. કેટકેટલીએ નારીની વેદનાને જુદી રીતે અનુભવવી પડે એવો સમય આવી ગયો છે. નિ:સંદેહ આ વેદનાની ધાર તીવ્ર તો નથી બનીને એવા ભય સાથે ?

સ્ત્રી ન તો ક્યારેય પુરૂષની સ્પર્ધામાં હતી, ન તો છે. એનો સહેજ પણ રસ નથી કે પોતે આગળ નીકળીને સત્તાનો દોર પોતાના હાથમાં લઈ લે, એને તો એટલું જોઈએ છીએ કે પુરૂષ પ્રેમથી એને પોતાની સાથે કદમ મિલાવવાદે, એની સમજણા, એની વિચાર શકિત સતત એને એ જ કહે છે, " Don't rush or crush."

અપૂર્વ, જહોન, પાયલ, કુંદીને, રેખાનો નાનો ભાઈ જેવાં થોડાં બાલ-કિશોર વાયનાં પાત્રો દ્વારા લેખિકાએ સૂચવ્યું છે કે સમાજમાં સ્ત્રીઓની જેમ બાલ-કિશોરોની પણ એવી જ દુર્દશા થતી નથી, વિનોદિનીએ એ વિરાજને ત્યાં મહેમાન થયેલી ત્યારે ભાણેજને રાજેશની શાળાના મેળાવડામાં હાજર રહેવાની તક મળેલી. નણંદ વિરાજે એ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નૃત્ય કરીને સૌને મુગ્ધ કરી ગયેલી પાયલનો પરિચય કરાવેલો. પાયલ ડીવોર્સી માબાપની દીકરી હતી. માં અને બાપ બેઉની છત્રછાયા છતે માબાપે ગુમાવી બેઠેલી પાયલ એના દાદાજી સાથે રહેતી હતી. એને રમવા માટે મોંઘાદાટ રમકડાં મળતાં હતાં, સારું સારું ખાવાનું, પીવાનું, પહેરવા-ઓઢવાનું મળતું હતું. માબાપ સિવાય એને બધું જ સુખ હતું. પરંતુ એ ચબરાક, હોશિયાર સૌને ગમી જાય એવી રૂપેરંગે રૂડી પાયલની વેદના કોઈએ જાણી ન હતી. એ જ પાયલ લંડનની હોસ્પિલમાં એકલી, અટૂલી, નિરાધાર અવસ્થામાં લ્યુકેમિયાનો ભોગ બનીને મૃત્યુ પામી અને પારકાને હાથે અંતિમ સંસ્કાર પણ પામી. એ ઘટનાને જાણીને વિનોદિનીની વ્યથાનો પાર ન રહ્યો. ડીવોર્સી માબાપના સંતાનની, શ્રીમંતના ઘરમાં ભારે ઠાઠમાઠ અને સાહ્યબીની વચ્ચે ઉછરતા બાળકની પણ એના જ માતાપિતા કેવી અવહેલના, અવમાનના થાય છે, એવાં બાળકોને કેવી વ્યથા સહેવી પડે છે, તેનો નિર્દેશ પાયલનાં પાત્ર દ્વારા અપાયા છે.

અપૂર્વ, અનુરાધા-રસેશના દાંપત્યના વેરનું ફળ છે. અનુરાધા લેખિકા છે. એની સાહિત્યિક પ્રવૃતિની આડે અપૂર્વ અને રસેશ આવે છે. પરંતુ અનુરાધા એક સહૃદય, સ્નેહાળ માતા પણ છે. માબાપ સાથે અપૂર્વ દરિયાકિનારે ફરવા જાય છે. માં એને દરિયાના મોજા સાથે રમવામાં ભીંજાવામાં પણ સાથ આપે છે. અપૂર્વને એની ઇચ્છા પ્રમાણે સવાલ પૂછવાની, જીદ કરીને વાતો સાંભળવાની માં તરફથી છૂટ મળી છે. રસેશ અપૂર્વની કોઈ જવાબદારી માથે લેતો નથી. અપૂર્વના શિક્ષણની, સંસ્કારની,રોજિંદા વ્યવહારની બધી જ જવાબદારી માત્ર અનુરાધાને માથે જ છે. સંતાન તો માં-બાપના સ્નેહની સુવર્ણ સાંકળ કહેવાય. માબાપ બેઉનું સંતાન તો સહિયારુ સર્જન ગણાય. એટલે બાળકના પાલપોષન, ઉછેર, શિક્ષણ, સંસ્કાર બધી બાબતની જવાબદારી પોતાને માથે લેતો જ નથી. બાળકની એ પણ એક લાચારી જ ગણાય. અનુરાધા અપૂર્વના બંધનને લીધે દિવસો સુધી એના નાટકના રિહર્સલમાં જઇ શકતી નથી. અપૂર્વના ઉછેરને સરસંભાળ દેખભાળમાં એ ક્યાkkરેય પતિનો સાથસહકાર માગે, તો રસેશ પોતાના પુરૂષપણાનાં અધિકારથી એ જવાબદારીમાથી સહેલાઈથી છટકી જતો જણાય છે. આમ અપૂર્વ અનુરાધાના માનની તૃપ્તિ અને અતૃપ્તિ બેઉનું સાધન બની રહે છે. એટલે અનુરાધા-રસેશ દાંપત્યના ચિત્રણમાં અપૂર્વનું પાત્ર સાર્થક બની રહે છે.

વિરાજની કામવાળીની નાનકડી દીકરી કુંદીનો પરિચય વિનોદનીએ વિરાજને ત્યાં જ થાય છે. કુંદી આઠેક વર્ષની, મેલીઘેલી, લઘરવઘર, જીંથરા વાળ ધરાવતી, ફાટેલું ઘાટઘૂટ વગરનું ફ્રૉક પહેરેલી, કાળા દોરડા જેવા હાથપગ સાથેની નાનકડી બાલિકા છે. એને જોઈને જ વિનોદિનીના હદયમાં એના પ્રત્યે પારાવાર કરુણા જાગે છે. વિરાજના ઘરની બાજુની જ ઝુંપડપટ્ટીમાં કુંદી એના માબાપની સાથે રહે છે. કુંદી એની વય પ્રમાણેમાં મોટા ઘરની શેઠાણીઓને પોતાના કામથી રાજી રાખવા કોશિશ કરે, પણ વિરાજ એને વાતાવરણમાં ડરાવતી, ધમકાવતી રહે છે. વિનોદિનીને એ દીનહીન બાળકીને વહાલ કરવાનું બહુ મન થાય છે, પણ વિરાજ એને કહે કે, " ભાભી, એને બહેન-દીકરી કહીને મોંએ ન ચઢાવશો હોં ! પછી મને હેરાન કરશે. આવા લોકો દેખાય ભોળા બાકી તો - " આવડી છોકરી દુષ્ટ હોઇ શકે, એ વાત માણવાની વિનોદિનીનું મન તૈયાર બતાવતું નથી. આ નાનકડા દુર્ભાગી પાત્રના પરિચયથી જ વિનોદિની મનોમન હચમચી ઊઠે છે, અને એવાં બાળકો તરફ સ્નેહ ને સંભાવ રાખી એમને ચાહીને પોતાની ચેતના વિસ્તારીને, પોતાની નિ:સંતાન હોવાની વેદનાથી મુક્ત થવાનો માર્ગ એને જડે છે.

જહોની પણ વિનોદિનીની ખાસ દોસ્ત છે. એ વિનોદિની પાસે, પોતાની દુબઈ ગયેલી માને પત્ર લખાવવા ઘણીવાર આવે છે. વિનોદિનીએ એના પ્રત્યે મમતા બંધાઈ ગઈ છે. બાર વર્ષનો જહોની નાની વયમાં પુખ્ત થઈ ગયો છે. એ ઘરનું બધુ કામ કરે છે. પોતાનાં નાનકડા ભાઈભાંડુની સંભાળ રાખે છે, ને સાથે સાથે ભણે પણ છે. બેકાર પતિને ચાર ચાર સંતાનોનું આ દેશમાં પૂરૂ કરવાની જવાબદારી અદા ના થતાં અને તક મળતા જહોનીની માને પતિ અને સંતાનોનું પૂરૂ કરવા માટે પરદેશ જવું પડ્યું છે. જહોનીને લખતા આવડે છે, પણ પોતાની કોઈ ભૂલથી રખેને માને કાગળ નહીં મળે તો, એ ભયથી એ વિનોદિની પાસે જ માને કાગળ લખાવે છે. જહોનીની દોસ્તીથી જ વિનોદિનીને શહેરની સડકો પર ગજરા લઈને દોડતા, મોટરો લૂછવા ગંદા ચીંથરા લઈને દોડતા, કેન્ટનોમાં પ્યાલા રકાબી ધોતા, કંતાઈ ગયેલા છોકરાઓનો ખ્યાલ આવે છે. એ નિ:સંતાન નારીને મનમાં થાય છે: માં થવામાં જ બધા ગુણો સમાઇ જતાં નથી. એનું માતૃત્વ, ધર્મ, ન્યાત, જાત, બધાં બંધનો તોડીને જગતના શિશુઓ પ્રત્યે સમભાવ અનુભવતું થાય છે. નિ:સંતાન હોવાની

એની વેદનાનો ઉકેલ એને સર્વ બાળકોને ચાહવાથી મળી જાય છે. એની અંગત વેદનાનું વ્યાપક કરુણામાં પરિવર્તન થાય છે. આમ, પાયલ,જહોની, કુંદી આદિ બાલ પાત્રો વિનોદિનીના પાત્રનો ચેતોવિસ્તાર સાધવામાં સહાય રૂપ બને છે.

મોટા ઘરની વહુ થયેલી મોટેબેન રેખાને નિશાળમાં, ભણતા,પરીક્ષાની તૈયારી કરતા, દીનહીન, નાના ભાઈની કોઈ સારસંભાળ રાખવાની છૂટ પતિએ આપી નથી. છેલ્લે શ્વાસ ક્ષયગ્રસ્ત મા લઈ રહી છે, એ ખબર મોટી બહેનને આપના નવલકથાના અંતભાગમાં રેખાનો ભાઈ 'સદગુણા સદન'ના તખ્તા પર પ્રવેશે છે. એની મૂંગી વેદનાને લેખિકાએ મૂંગી જ રહેવા દઈને મુખરિત કરી છે. આમ, આ નવલકથામા ગૌણ બાળકિશોર પાત્રો લેખિકાએ સહેતુક યોજયા છે, ને તે બધા નવલકથાના વિકાસમાં ફાળો આપે છે.